સ્થાપના તારીખ : ૧૧-૦૫-૧૯૪૪ "યજ્ઞ, દાન અને તપ મનુષ્યને પાવન કરનારા છે" પબ્લિક ટ્રસ્ટ રજી. નં. એફ-૬(અમરેલી)

# શ્રી સૌરાષ્ટ્ર પટેલ વિદ્યાર્થી ઉચ્ચ કેળવણી સહાયક મંડળ

૧૧૮, "માધવ પ્લાઝા", પ્રથમ માળે, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સામે, લાલ બંગલા સર્કલ પાસે, જામનગર-૩૬૧૦૦૧.
મો. : ૯૪૨૬૭૩૦૭૭૭ E-mail : info@lpucchkelavani.org Website : www.lpucchkelavani.org

તારીખ : ૧૩/૧૧/૨૦૨૬

## મંજૂર/નામંજૂર બન્ને માટે ખાસ સુચના (સને ૨૦૨૬-૨૭)

**(૦૧) મંજૂર થયેલ શિષ્યવૃત્તિ માટે ખાસ સુચના :-**

**તારીખ : ૩૦/૧૧/૨૦૨૬** સુધીમાં અમોને બિનચૂક મળે તે રીતે નીચે જણાવ્યા મુજબના પત્રકો પુરી વિગતો ભરીને આધારો સહ મોકલવાના છે.

(૦૧) ''શિષ્યવૃત્તિ યોજના'' હેઠળની રકમ મંજૂર કર્યાનો પત્ર વાંચ્યા બાદ જ મોકલવાનું **'પત્રક નંબર-૦૨'** સંપૂર્ણ ભરીને અસલમાં જેમાં **પત્રક નંબર-૦૨ (પાના નં.-૮) ''ચેક મળ્યાની / RTGS - NEFT દ્વારા બેંક ખાતામાં જમાંની એડવાન્સ પહોંચ''** માં પણ સંપૂર્ણ વિગત ભરી આપશ્રીનો ફોટો લગાવી જે તે કોલેજના પ્રિન્સીપાલશ્રીના સહી સિક્કા કરાવી અને આપશ્રીની રેવન્યુ સ્ટેમ્પ પર સહીકરી અમોને અસલ-૧ મોકલશો.

(૦૨) બેંક પાસબુકની સ્વપ્રમાણિત ઝેરોક્ષ નકલ-૧ અથવા અસલ ચેક-૧.

બેંકનું ખાતુ વિદ્યાર્થીનું પોતાનું સીંગલ જ હોવુ ખાસ જરૂરી છે. **(માતા-પિતા-વાલીનું નહીં).**

(૦૩) આપશ્રી જે તે કોલેજમાં ચાલુ શૈક્ષણિક વર્ષ **સને ૨૦૨૬-૨૭** માં અભ્યાસ કરતાં હો તે કોલેજના પ્રિન્સીપાલશ્રીના સહી તથા સિક્કા સાથેનું આ પત્ર મળ્યા બાદની તારીખે કઢાવેલ **''કોલેજ બોનાફાઇડ સર્ટીફીકેટ''** ની છેકછાક વગરની જેમાં વર્ષ, સેમેસ્ટર ક્રમાંક, વિભાગ વિગેરે લખેલ હોય તેવી પ્રમાણિત કરેલ ઝેરોક્ષ ખરી નકલ-૧.

(સ્વ પ્રમાણિત કરેલ ઝેરોક્ષ નકલ પણ માન્ય ગણવામાં આવશે.)

(૦૪) આપશ્રીએ **''અરજી પત્રક-૦૧''** મોકલ્યા બાદ વાર્ષિક/સેમેસ્ટર પરીક્ષાનું જો કોઇ પરીણામ બહાર પડેલ હોય તો તેના ગુણપત્રકની પ્રમાણિત કરેલ ઝેરોક્ષ ખરી નકલ-૧ (સ્વ પ્રમાણિત કરેલ ઝેરોક્ષ નકલ પણ માન્ય ગણવામાં આવશે.)

(૦૫) આપશ્રીને **''અરજી પત્રક-૦૧''** મોકલ્યા બાદ વાર્ષિક/સેમેસ્ટર પરીક્ષાનું જો કોઇ પરીણામ બહાર પડેલ ન હોય તો જે તે વિદ્યાર્થીએ લેખિતમાં પત્ર **''પત્રક-૦૨''** સાથે મોકલી રજુઆત કરવાની રહેશે.

**(૦૨) નામંજૂર થયેલ શિષ્યવૃત્તિ માટે ખાસ સુચના :-**

આ સાથેના નામંજુરી પત્રમાં નામંજૂર થયેલ છે તેના નામની યાદીમાં જેઓના નામ છે તેઓએ કોઇપણ પ્રકારનો પત્રવ્યવહાર કરવાનો રહેતો નથી. તેમજ ફોન, મોબાઇલ કે વોટસએપ પણ કરવાનો રહેતો નથી. જો ટકાવારીમાં કે શરતચુકથી કોઇ ભુલ રહી ગયેલ હોય તો જ જાણ કરશો.